**GUJARAT BILL NO. 26 OF 2023.**

**THE GUJARAT AGRICULTURAL PRODUCE AND MARKETING (PROMOTION AND FACILITATION) (AMENDMENT) BILL, 2023.**

***A BILL***

*further to amend the Gujarat Agricultural Produce and Marketing (Promotion and Facilitation) Act, 1963.*

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૬.**

**ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) (સુધારા) વિધેયક, ૨૦૨૩.**

**ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજયના ચુંમોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, *રાજપત્ર*માં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૬૪નો ગુજરાતનો ૨૦મો.

સન ૧૯૬૪ના ગુજરાતના ૨૦મા અધિનિયમની કલમ ૮નો સુધારો.

૨. ગુજરાત ખેત-ઉત્પન્ન બજાર અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) અધિનિયમ, ૧૯૬૩ (જેનો આમાં હવે પછી, “મુખ્ય અધિનિયમ” તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ- ૮ને તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવો અને આ રીતે ફરી નંબર આપેલી પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી :-

“(૨) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ અન્ય કોઈ રાજ્ય/ સંઘ રાજ્યક્ષેત્ર દ્વારા કાઢી આપવામાં આવેલું વેપાર લાઈસન્સધારક, આંતરરાજ્ય વેપારને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત રાજ્ય અને અન્ય રાજ્ય/ સંઘ રાજ્યક્ષેત્ર વચ્ચે થયેલી સમજૂતી યાદી (MoU)માં અથવા કરેલા એવા બીજા કોઈ ખતમાં સંમતિ આપેલી રીતે અને કાર્યરીતિ મુજબ ઈલેક્ટ્રોનિક રાષ્ટ્રીય કૃષિ બજાર (e-NAM) અથવા આ અધિનિયમ હેઠળ પરવાનગીપાત્ર હોય તેવા અન્ય કોઈ ઈ-પ્લેટફોર્મ મારફત કૃષિ (ખેત) ઉત્પન્નોની ખરીદી કરી શકશે. ”.

સન ૧૯૬૪ના ગુજરાતના ૨૦મા અધિનિયમની કલમ ૧૧-નો સુધારો.

3. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧-માં,-

(૧) પેટા-કલમ (૧)માં,-

(ક) "ખંડ (૨)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(૨) "કલમ ૨૭ અથવા ૨૭-ક હેઠળ લાઈસન્સ ધરાવતા હોય તેવા અને-

(ક) ચૂંટણીના વર્ષના અગાઉના સતત ત્રણ નાણાકીય વર્ષ કરતા ઓછી ન હોય તેટલી મુદત માટે લાઈસન્સ ધરાવતા હોય અને ધરાવવાનું ચાલુ રાખ્યું હોય તેવા, અને;

(ખ) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષના દરેક વર્ષમાં સંપૂર્ણ સુસંગત રીતે લાઈસન્સની બોલીઓ અને શરતો અનુસાર વેપાર કર્યો હોય અને ચૂંટણીના વર્ષે તે જ રીતે વેપાર કરવાનું ચાલુ રાખ્યું હોય તેવા:

પરંતુ-

(૧) તે એક વેપારી હોય તો, તેણે, ચૂંટણીના વર્ષના અગાઉના છેલ્લા ત્રણ નાણાકીય વર્ષના દરેક વર્ષમાં, પચાસ હજાર રૂપિયાની ન્યૂનતમ બજાર ફી ચૂકવેલી હોય અને તેણે ચૂકવવાપાત્ર બજાર ફી વણચુકવાયેલી (રહી) ન હોય;

(૨) તે એક કમિશન એજન્ટ હોય તો, ચૂંટણી વર્ષના અગાઉના છેલ્લા ત્રણ નાણાકીય વર્ષના દરેક વર્ષમાં, પચાસ હજાર રૂપિયાની ન્યૂનતમ બજાર ફી તેના મારફતે ચૂકવાયેલી હોય;

-તેવા કમિશન એજન્ટો અથવા યથાપ્રસંગ, વેપારીઓએ, તેમનામાંથી ઠરાવેલી રીતે ચૂંટવાના ચાર સભ્યો";

(ખ) ખંડ (૩)માં,

(૧) "બજાર વિસ્તારમાં આવેલી અને સામાન્ય લાઇસન્સ ધરાવતી" એ શબ્દોથી શરૂ થતા અને "ચૂંટવાના આવી મંડળીઓના બે પ્રતિનિધિઓ" એ શબ્દોથી પૂરા થતા ભાગને બદલે, નીચેનો ભાગ મૂકવો:-

"બજાર વિસ્તારમાં આવેલી અને સામાન્ય લાઇસન્સ ધરાવતી સહકારી ખરીદ-વેચાણ મંડળીઓ,-

(ક) જે પોતાના સંબંધિત ઉદ્દેશોને સુસંગત રહીને ધંધામાં રોકાયેલી હોય; અને

(ખ) જેણે, પોતાના છેલ્લા હિસાબોના ઓડિટમાં ક, ખ, અથવા યથાપ્રસંગ, ગ ઓડિટ વર્ગ મેળવેલ હોય; અને

(ગ) જેણે, અગાઉના છેલ્લા ત્રણ નાણાકીય વર્ષના દરેક વર્ષમાં બજાર યોગાનમાં પોતાના કુલ સભ્યોના એક તૃતિયાંશ સભ્યો પાસેથી, ચૂંટણી વર્ષના ખેતીના ઉત્પન્નની ખરીદી અથવા વેચાણ કરેલ હોય; અને

(ઘ) જેણે, ચૂંટણી વર્ષના અગાઉના છેલ્લા ત્રણ નાણાકીય વર્ષોના દરેક વર્ષમાં ઓછામાં ઓછા પાંચ લાખ રૂપિયાનો ધંધો કર્યો હોય,

-તેવી ખરીદ-વેચાણ મંડળીઓની વ્યવસ્થા સમિતિઓના સભ્યોએ આવી મંડળીઓના (નામના, સહ અથવા સહાનુભૂતિ સભ્યો સિવાયના) સભ્યોમાંથી ચૂંટવાના આવી મંડળીઓના બે પ્રતિનિધિઓ ;

(૨) બીજા પરંતુક પછી, નીચેનો પરંતુક ઉમેરવો:-

"વળી, વ્યક્તિગત ક્ષમતા અથવા મંડળીની પ્રતિનિધિ અથવા વેપારી અથવા કમિશન એજન્ટમાંની, મતદાર તરીકે પાત્ર હોય તેવી વ્યક્તિ, ઉપરના ખંડો (૧), (૨) અને (૩) હેઠળ ફક્ત એક જ વર્ગમાં અને એક જ મત આપી શકશે;";

(૨) પેટા-કલમ (૧ક) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી:-

"(૧ખ) ખાનગી બજાર યોગાનના માલિકો, ખાનગી બજાર યોગાનના સમિતિ સભ્યો અથવા નિયામક મંડળના સભ્યો અને તેમના કુટુંબના સભ્યો બજાર સમિતિઓની ચૂંટણી લડવા માટે પાત્ર થશે નહિ.

**સ્પષ્ટીકરણ.**- આ પેટા-કલમના હેતુઓ માટે "કુટુંબના સભ્યો" એ શબ્દપ્રયોગનો અર્થ પત્ની, પતિ, પિતા, માતા, દાદી, સાવકા-પિતા, સાવકી-માતા, પુત્ર, પુત્રી, સાવકો-પુત્ર, સાવકી-પુત્રી, પૌત્ર, પૌત્રી, ભાઈ, બહેન, સાવકો-ભાઈ, સાવકી-બહેન અને ભાઈ અથવા સાવકા-ભાઈની પત્ની એ પ્રમાણે થશે.".

## ઉદ્દેશો અને કારણો

રાજ્ય સરકારે ગુજરાત રાજ્યમાં ગુજરાત ખેત પેદાશો (કૃષિ ઉત્પન્નો)ના ખરીદ-વેચાણના નિયમન અને ખેત પેદાશો માટે બજારોની સ્થાપનાને લગતા કાયદાને એકત્ર કરવા અને તેમાં સુધારો કરવા માટે ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) અધિનિયમ, ૧૯૬૩ અધિનિયમિત કર્યો છે. તેમ છતાં, બજાર સમિતિઓનો વહીવટ અને સંચાલન સારી રીતે ચાલે અને હિસ્સેદારોના હિતોનું રક્ષણ થાય તે જોવા માટે, સદરહુ અધિનિયમમાં કેટલાક સુધારા કરવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**જગદીશ વિશ્વકર્મા,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકથી, નીચેની બાબતોના સંબંધમાં, ધારાકીય સત્તાની સોંપણી માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, *રાજપત્ર*માં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૩.** **જગદીશ વિશ્વકર્મા.**

# પુરવણી

## ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૨૦મા)માંથી ઉતારા.

લાઇસન્સ હેઠળ બજાર વિસ્તારમાં કામકાજ કરવા બાબત.

૮. કોઇ વ્યક્તિ, આ અધિનિયમ મુજબ આપેલાં લાઇસન્સની શરતો હેઠળ અને તે અનુસાર ઠરાવ્યું હોય તે સિવાય, બજાર વિસ્તારમાં અથવા તેના કોઇ ભાગમાં કામકાજ કરી શકશે નહિ.

બજાર સમિતિની રચના.

**૧૧.** (૧) દરેક બજાર સમિતિ નીચેના સભ્યોની બનશે:-

(૧) XXX XXX XXX

(૨) અગાઉના નાણાકીય વર્ષમાં લાઇસન્સની બોલીઓ અને શરતોને સુસંગત રહીને, જેમણે વેપાર કર્યો હોય અને જેમના દ્વારા ચૂકવવાપાત્ર ફી વણચુકવાયેલી રહેલી ન હોય તેવા કલમ ૨૭ અથવા ૨૭-ક હેઠળ જેનું લાઈસન્સ મંજૂર કર્યું હોય અથવા તાજું કર્યું હોય તેવા કમિશન એજન્ટ અથવા યથાપ્રસંગ, વેપારીઓએ પોતાનામાંથી ઠરાવેલી રીતે ચૂંટવાના ચાર સભ્યો;

(૩) બજાર વિસ્તારમાં આવેલી, સામાન્ય લાઇસન્સ ધરાવતી અને પોતાના સંબંધિત ઉદ્દેશોને સુસંગત રહીને, ધંધામાં રોકાયેલી, અને જેમના છેલ્લા હિસાબો, વર્ગ ક, ખ અથવા ગ-માં ઓડિટ કરાવેલા હોય તેવી સહકારી ખરીદ-વેચાણ મંડળીઓની વ્યવસ્થા સમિતિઓના સભ્યોએ આવી મંડળીઓના (નામના, સહ અથવા સહાનુભૂતિ સભ્યો સિવાયના) સભ્યોમાંથી ચૂંટવાના આવી મંડળીઓના બે પ્રતિનિધિઓ:

પરંતુ એવી રીતે આવેલી સહકારી ખરીદ-વેચાણ મંડળીઓની સંખ્યા બે કરતાં વધુ ન હોય, ત્યારે ફક્ત એકજ પ્રતિનિધિને એવી રીતે ચૂંટવો:

વધુમાં, ઉપરના ખંડો (૧), (૨) અને (૩) હેઠળ મતદાન કરવા તેમજ તેમના સંબંધિત વર્ગનું પ્રતિનિધિત્વ કરવા માટે, વ્યક્તિ, ઠરાવવામાં આવે તે રીતે રાજ્યની માત્ર કોઈ એક બજાર સમિતિના મતદાતા તરીકે પાત્ર રહેશે અને તે જ બજાર સમિતિનું પ્રતિનિધિત્વ કરવા પણ પાત્ર રહેશે અને રાજ્યની બીજી કોઈપણ બજાર સમિતિ માટે પાત્ર થશે નહિ;

(૪) અને (૫) XXX XXX XXX

(૨) થી (૫) XXX XXX XXX

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૬.]

ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી જગદીશ વિશ્વકર્મા,

રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી.]

(સન ૨૦૨૩ના સપ્ટેમ્બર મહિનાની ૧૧મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**THE GUJARAT AGRICULTURAL PRODUCE AND MARKETING (PROMOTION AND FACILITATION) (AMENDMENT) BILL, 2023.**

**GUJARAT BILL NO. 26 OF 2023.**

***A BILL***

*further to amend the Gujarat Agricultural Produce and Marketing (Promotion and Facilitation) Act, 1963.*

It is hereby enacted in the Seventy-fourth Year of the Republic of India as follows: -

**1.** (1) This Act may be called the Gujarat Agricultural Produce and Marketing (Promotion and Facilitation) (Amendment) Act, 2023. **Short title and commencement.**

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette,* appoint.

**Amendment of section 8 of Guj. 20 of 1964.**

**2.** In the Gujarat Agricultural Produce and Marketing (Promotion and Facilitation) Act, 1963 (hereinafter referred to as "the principal Act"), section 8 shall be renumbered as sub-section (1) thereof, and after sub-section (1) as so renumbered, the following sub-section shall be added, namely:- **Guj. 20 of 1964.**

"(2) Notwithstanding anything contained in this Act, the holder of trading license issued by any other State/ Union Territory, under the law for the time being in force, may buy the agricultural produce, in the manner and procedure agreed to in Memorandum of Understanding (MoU) or in such other instrument between Gujarat State and other State / Union Territory, executed to promote inter-state trade, through electronic National Agriculture Market (e-NAM) or any other such e- platform permitted under this Act.".

**Amendment of section 11 of Guj. 20 of 1964.**

**3.** In the principal Act, in section 11, -

(1) in sub-section (1),-

(a) for clause (ii), the following clause shall be substituted, namely: -

"(ii) four members to be elected in the prescribed manner from amongst themselves by the commission agents or traders, as the case may be, who are holding licence under section 27 or 27A, and if, -

(a) he is holding licence for a period of not less than three consecutive financial years preceding the election year and continues to hold it, and;

(b) he has traded in full conformity with the terms and conditions of the licence in each of the last three financial years and continues to trade in that manner in the election year:

Provided that if,-

(i) he is a trader, he had paid minimum market fees of fifty thousand rupees, in each of the last three financial years preceding the election year and market fees payable by him have not remained unpaid;

(ii) he is a commission agent, minimum market fees of fifty thousand rupees have been paid through him in each of the last three financial years preceding the election year;";

(b) in clause (iii), -

(i) for the portion beginning with the words "two representatives of the co-operative marketing societies" and ending with the words "the managing committees of such societies", the following portion shall be substituted, namely:-

"two representatives of the co-operative marketing societies situated in the market area, holding general licences to be elected from amongst the members (other than nominal, associate or sympathiser members) of such societies by the members of the managing committees of such societies, if such marketing societies -

(a) are engaged in the business in conformity with its respective objects; and

(b) have their last accounts audited in class A, B or C, as the case may be; and

(c) have bought and sold agricultural produce from minimum one third of its total members, in the market yard in each of the last three financial years preceding the election year; and

(d) have completed minimum business of five lakh rupees in each of the last three financial years preceding the election year:";

(ii) after the second proviso, the following proviso shall be added, namely:-

"Provided also that the person eligible as a voter, in an individual capacity or a representative of a society or a trader or a commission agent, can cast one vote and in only one class under clauses (i), (ii)and (iii) above;";

(2) after sub-section (1A), the following sub-section shall be inserted, namely: -

"(1B) The private market yard owners, committee members or board of directors of the private market yard and their family members shall not be eligible to contest elections to the market committees.

***Explanation.*** —For the purposes of this sub-section, the expression "family members" shall mean a wife, husband, father, mother, grandmother, step-father, stepmother, son, daughter, step-son, step-daughter, grand-son, grand-daughter, brother, sister, half-brother, half-sister and wife of brother or half-brother.".

## STATEMENT OF OBJECTS AND REASONS

The State Government has enacted the Gujarat Agricultural Produce and Marketing (Promotion and Facilitation) Act, 1963 to consolidate and amend the law relating to the regulation of buying and selling of agricultural produce and the establishment of markets for agricultural produce in the State of Gujarat. However, in order to see that the administration and the management of the market committees are run in a better way and the interests of the stakeholders are protected, it is considered necessary to make certain amendments to the said Act.

This Bill seeks to amend the said Act to achieve the aforesaid object.

**JAGDISH VISHWAKARMA**,

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill provides for delegation of legislative powers in the following respects:-

***Clause 1.* -** Sub-clause (2) of this clause empowers the State Government to appoint by notification in the *Official Gazette,* the date on which the Act shall come into force.

The delegation of legislative powers as aforesaid is necessary and is of normal character.

Dated the 11th September, 2023. **JAGDISH VISHWAKARMA.**

*ANNEXURE*

**EXTRACT FROM THE AGRICULTURAL PRODUCE AND MARKETING (PROMOTION AND FACILITATION) Act, 1963.**

**( Guj. 20 of 1964)**

---

**Operation in market under License.**

**8.** No person shall operate in the market area or any part thereof except under and in accordance with the conditions of a license granted under this Act.

**Constitution of market committee.**

**11.** (1) Every market committee shall consist of the following members, namely:-

(i) XXX XXX XXX

(ii) four members to be elected in the prescribed manner from amongst themselves by the commission agents or traders, as the case may be whose license granted or renewed under section 27 or 27A who have traded in full conformity with the terms and conditions of the license in the previous financial year and the fees payable by them has not remained unpaid;

(iii) two representatives of the Co-operative marketing societies situate in the market area, holding general licenses, engaged in the business in conformity with their respective objects and have their last accounts audited in class A, B or C, as the case may be,", to be elected from amongst the members (other than nominal, associate or sympathiser members) of such societies by the members of the managing committees of such societies:

Provided that where the number of co-operative marketing societies so situate does not exceed two, only one representative shall be so elected;

Provided further that for voting as well as for being elected to represent their respective class under clauses (i), (ii) and (iii) above, the person shall be eligible as a voter for only one market

committee of the State and also eligible to represent the same market committee and no other market committee of the State in the manner as may be prescribed;

(iv) and (v) XXX XXX XXX

(2) to (5) XXX XXX XXX

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 26 OF 2023.**

*A BILL*

*further to amend the Gujarat Agricultural Produce and Marketing (Promotion and Facilitation) Act, 1963.*

**[ SHRI JAGDISH VISHWAKARMA,**
**MINISTER OF STATE FOR COOPERATION]**

**(As published in the Gujarat Government Gazette of 11th September, 2023)**

**D.M.Patel,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**